(6)

બિન સરકારી માધ્ય. શાળાના શિક્ષકોની જિલ્લા શાળા મંડળ,/મ્યુનિસિપલ શાળા મંડળની તારીખ:- ૧-૪-૬૧ પહેલાની / પછીની નોકરી પેન્શન પાત્ર ગણવા અંગે..

---

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ નં.બમશ-૧૧૭૯-૧૨૭૮૦(૮૨)-ગ.
સચિવાલય, ગાંધીનગર તા.૨૧-૬-૮૨.

વંચાણે લીધો:-(૧) શિક્ષણ વિભાગનો તા.૨૮-૧૦-૮૦નો સરકારી ઠરાવ નં.એસએસએન-૧૧૭૯-૫૯૭૬૪-ગ.

(૨) શિક્ષણ નિયામકશ્રીનો તા.૨૬-૨-૮૧ નો પત્ર નં. ૧૮/મબશ-પેન-બ્રેક-ધ-૨-૧૪૯૨૧.

(૩) હિસાબી અને તિજોરી નિયામકશ્રીની ગુ.રા.અમદાવાદનો તા.૧૨-૩-૮૧નો અ.સ.પત્ર નં.ડીએટી-પેન્શન-૭૫૦ તથા ૨૪-૯-૮૨ નો પત્ર નં.ડીએટી-પેન્શન-૩૦૫૯...

--:: ઠરાવ ::--

શિક્ષણ વિભાગના તા.૨૮-૧૦-૮૦ના સરકારી ઠરાવ અન્વયે બીન સરકારી માધ્ય.શાળાના શિક્ષકોના જિલ્લા શાળા મંડળ,/મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડમાં તા.૧-૪-૬૧ પહેલા કરેલી નોકરી જોડી આપવાના હુકમો કર્યા છે. તે અન્વયે ઉપસ્થિત થયેલા મુદ્દાઓ અંગે નીચે મુજબ સ્પષ્ટતાઓ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ઉપસ્થિત મુદ્દો. | સ્પષ્ટતા |
|---|---|
| ૧: તા.૧-૪-૬૧ પહેલાની નોકરી અન્વયે મળેલ પેન્શન અને અથવા સીપીએફ ના લાભો સરકારમાં પરત કરવાની મુદત કઇ રાખવામાં આવી છે | (૧) તા.૧-૪-૬૧ પહેલાની નોકરી અન્વયે છુટા થતી વખતે જે કઇ પેન્શન/સીપીએફ/ના લાભો મળ્યા હોય તે આ ઠરાવ રવાના થયાની તા.થી ૧ વર્ષની મુદતમાં સરકારમાં જમા કરાવવાના રહેશે. |
| ૨: આવા કર્મચારીઓ તા.૧-૪-૬૧ પહેલાની નોકરી દરમ્યાન સીપીએફ.ના સભ્ય ન હોય તો તે સમયની નોકરી, અંગે શું કાર્યવાહી કરવાની છે. | (૨) સીપીએફ. ના સભ્ય ન હોય તો તા.૨૮-૧૦-૮૦ના ઠરાવનો લાભ મળી શકે નહિ. |

આ હુકમો શિક્ષણ વિભાગની સરખા નંબરની ફાઇલ ઉપર નાણાં વિભાગની સંમતિ તા.૮-૬-૮૨ ના રોજ મેળવી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી :- અવાચ્ય,
( શ.નં.દવે)
સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ.

ક્રમાંક:અ-પેન-ટર-૮૩ - ૭૫૯,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
રાજકોટ તા. ૩-૭-૮૨

નકલ જાણ તથા અમલ થવા માટે રવાના:-
તમામ બીન સરકારી માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ તરફ...

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.

૨।૮।૮૨ / ૮૧